## આજે રૂદ્રિ મંડળ દ્વારા લઘુરુદ્ર યોજાશે

ગાંધીનગરના લઘુરુદ્ર-રૂદ્રિ મંડળના સેક્રેટરી નરેન્દ્રભાઈ જાનીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૧૯મી મે-૨૦૧૨ને શનિવારે વૈજનાથ મહાદેવ મંદિર, સેક્ટ-૨૧, ગાંધીનગર ખાતે સાંજે ૪.૩૦ કલાકે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે. નગરના ભક્તજનો અને ધર્મબંધુઓને આ પ્રસંગે હાજર રહેવા ખાસ જણાવાયું છે.

## મોંઘવારીની ચર્ચા માટે સ્વૈચ્છિક સંસ્થાઓની ૨૦મી એ બેઠક

રાજયમાં અને દેશમાં મોંઘવારી તથા ભ્રષ્ટાચાર વધી રહ્યો છે. પરિણામે નાગરિકનું જીવન દોહ્યલું બની ગયું છે. ત્યારે મહાકાળ સમા રાક્ષસી પ્રશ્નનો અસરકારક મુકાબલા અને ઉકેલની વિચારણા સારૂં પાટનગર ગાંધીનગરની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓની બેઠક તા. ૨૦ મી એ સાંજે સાડા પાંચ વાગે નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ માં રાખવામાં આવેલ છે. તો સ્વૈચ્છિક સંસ્થાઓનાં હોદ્દેદારોએ હાજર રહેવા ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી શ્રી મુળજીભાઈ પરમાર 'દધિ' એ જણાવેલ છે.

## એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેક્ટસની મે માસની બેઠક રદ

ગાંધીનગરના એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેક્ટસના સહમંત્રી એચ.બી. શાહે જણાવ્યું છે કે એસોસિએશનની મે માસમાં મળનારી સભા અનિવાર્ય સંજોગોને કારણે રદ કરવામાં આવી છે. એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સની મે માસની માસિક સભા ૨૦મી મે-ના રોજ મળવાની હતી જે અનિવાર્ય સંજોગોને લીધે રદ કરવામાં આવી છે. હવે પછીની સભા જૂન માસના ત્રીજા રવિવારે તા. ૧૭મી જૂનના રોજ ઈ નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે સવારે ૧૦.૩૦ કલાકે મળશે જેની સર્વે સભ્યોએ નોંધ લેવી.

## ચરાડા ગામની યુવતી ત્રણ દિવસથી ગુમ

માણસાના ચરાડા ગામની ૧૯ વર્ષીય ભાવના કનુભાઈ શ્રીમાળી ગત તા. ૧૪ મે ૨૦૧૨ના રોજ બપોરના દોઢ વાગે કોઈને પણ કહ્યા વગર પોતાના ઘરેથી ચાલી ગઈ છે. મોડી રાત સુધી ભાવના ઘરે પરત ના આવતા પરિવારજનોએ ભારે શોધખોળ હાથ ધરી હતી. પરંતુ ત્રણ ત્રણ દિવસ સુધી દિકરી ભાવનાનો કોઈ પત્તો ન લાગતા આખરે પરિવારજનોએ માણસા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે જાણવાજોગ ફરિયાદ લઈ ગુમ ભાવનાની તપાસ હાથ ધરી છે.

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન સ્વ. માણેકલાલ પટેલનો જીવનચરિત્ર ગ્રંથ છપાશે

## સ્વ. માણેકકાકાના જીવન પ્રસંગોના સ્મરણોના લેખોને ગ્રંથસ્થ માટે આમંત્રણ

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય, ગાંધીનગરના સદ્‌ગત પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના સદ્‌ગત ચેરમેન માણેકલાલ એમ. પટેલનું જીવનચરિત્ર સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ, ગુજરાતી સાહિત્યના જાણીતા સર્જક તથા 'પ્રજ્ઞાદીપ છગનભા' ના કર્તા મોહનલાલ પટેલ તૈયાર કરી રહ્યા છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત તમામ સંસ્થાઓના વડાઓને તેમના કર્મચારીગણ પાસેથી સ્વ. માણેકકાકાના સંસ્મરણો સાહિત્ય સ્વરૂપે, ઓડિયો વિઝ્યુઅલ સ્વરૂપે, લેખિત સ્વરૂપે મંગાવાયા છે. જે એક માસ પછી જે તે વ્યક્તિને પરત કરવામાં આવશે.

સંસ્થાના સ્થાપનાકાળથી ૧૨મી જાન્યુઆરી-૨૦૧૨ સુધીમાં સ્વ. માણેકકાકાનું જેમાં નોંધપાત્ર પ્રદાન હોય કે તેમની ઉપસ્થિતિ હોય તે તમામ મહત્વપૂર્ણ કાર્યક્રમો, પ્રસંગોની કાળક્રમાનુસાર તવારીખબદ્ધ યાદી મંગાવાઈ છે. વિવિધ પ્રસંગો જેવા કે, ઉદ્‌ઘાટન સમારોહ, વાર્ષિકોત્સવ, રમતોત્સવ, પરિસંવાદ, વ્યાખ્યાન, સ્પર્ધા વગેરે દશ્ય-શ્રાવ્ય માધ્યમોમાં સંગ્રહિત અથવા તેમનાં ભાષણોની લેખિત નોંધ કરવામાં આવી હોય કે કોઈ ગ્રંથ, સામયિક, વર્તમાનપત્ર કે સંસ્થાના મેગેઝિનમાં પ્રગટ થઈ હોય તે મૂળ સ્વરૂપના કે તેની અધિકૃત નકલ મોકલવી. વિવિધ કાર્યક્રમોના ફોટોગ્રાફસની હાર્ડ કોપી કે ઈલેક્ટ્રોનિક માધ્યમમાં સચવાયેલ હોય તે મૂળ સ્વરૂપમાં મોકલવી. કડી વિસ્તારના વ્યક્તિઓએ ડૉ. સંજય શાહ, પ્રિન્સિપાલ, એસ.વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યૂટર સ્ટડીઝ, કડીને તથા ગાંધીનગર કેમ્પસની સંસ્થાઓના વડાઓએ મણિભાઈ પ્રજાપતિ, ડાયરેક્ટર ઓફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર મો. નં. ૯૬૦૧૨૭૩૮૩૬ ને અચૂક મોકલી આપવી.

# ગાંધીનગરમાં ૧૦મી જુને વણકર સમાજની મહારેલી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં વસતા નાના-મોટા સમાજો માટે ગાંધીનગર ખાતે જમીન ફાળવી છે. અને સમાજના ભવનો બન્યા છે. પરંતુ ૩૦૦૦ કુટુંબોની વસ્તી ધરાવતાં વણકર સમાજને ગાંધીનગરમાં જમીન ફાળવી નથી. ઘણા રાજકીય આગેવાનો, તથા રાજયની વણકર સમાજની સંસ્થાઓએ જમીન ફાળવી આપવા ભલામણો કરી છે. ગાંધીનગર ખાતે મળેલ વણકર સમાજના આગેવાનોના સંમેલનમાં પણ જમીન ફાળવવા સરકારને આહવાન કરવામાં આવેલ છે.

વણકર સમાજના રાજય વ્યાપી સંમેલનમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને પધારવા માટે અનુકૂળ સમય ફાળવવા વિનંતી કરેલ છે. તા. ૧૦ મી જૂન રવિવારે ગાંધીનગર ખાતે વણકર બંધુની મહારેલી કાઢવાનું આયોજન કરેલ છે. ૫૦૦૦૦ થી વધુ વણકર બંધુઓ આ રેલીમાં જોડાશે. જેના માટે જિલ્લાવાર બેઠકોનું આયોજન થયેલ છે. દરેક સેકટરોમાં આવી રહી છે. તેમ સંસ્થાના પ્રવકતા શ્રી મુળજીભાઈ પરમારે જણાવેલ છે.

# દહેગામ તાલુકાના જીંડવા ગામે કૃષિ મહોત્સવ યોજાયો




ગાંધીનગર, તા. ૧૮

દહેગામ તાલુકાના જીંડવા ગામે સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોનુ કલ્યાણ રાજય મંત્રી શ્રી વાસણભાઈ આહીરની ઉપસથિતિમાં કૃષિ મહોત્સવ-૨૦૧૨ યોજાયો હતો. મંત્રી શ્રી વાસણભાઈ આહીરના હસ્તે કૃષિ, બાગાયત અને પશુપાલન કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી વાસણભાઈ આહીરે જણાવ્યું હતુ કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહયું છે કે, ભારત દેશના ૮૫ ટકા નાગરિકો ગામડામાં વસે છે. ગામડું સમૃધ્ધિ થશે... તો જ દેશ સમૃધ્ધિ થશે. પરંતુ રાષ્ટ્રપિતાની આ વાત આઝાદી બાદ શાસન કરનારા શાસકો ભૂલી ગયા હતા. પરંતુ રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયની શાસનધુરા સંભાળી તે જ દિવસથી ગામડાઓના વિકાસની નેમ લીધી હતી. જે અંતર્ગત વર્ષ-૨૦૦૫થી રાજયમાં મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ કૃષિ મહોત્સવનો -ારંભ કરવામાં આવ્યો હતો. સતત આઠ વર્ષથી યોજાતા કૃષિ મહોત્સવ થકી આજે ગુજરાતનો ખેડૂત વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતો થયો છે. જેના પરિણામે રાજયમાં ટુંકા સમયમાં કૃષિક્ષેત્રે ઉત્પાદન વધ્યું છે. રાજયનો કૃષિ વિકાસ દર ૧૦.૮૦ ટકાએ પહોંચી ગયો છે. જે આંક જ રાજયના કિસાનોની સમૃધ્ધ થયાની વાત પર -કાશ પાડે છે.દેશમાં ગુજરાત જ એક એવું રાજય છે કે જયાં ગામે ગામ જયોતિગ્રામ યોજના થકી ૨૪ કલાક વીજળી મળી રહી છે. તે ઉપરાંત રાજય સરકાર દ્રારા ગામડાઓમાં પણ શહેર જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

વધુમાં મંત્રીશ્રીએ રાજય સરકારના શાળા -વેશોત્સવ, કન્યા કેળવણી રથ, ગુણોત્સવ, બેટી બચાવો, કુપોષણ સામે જંગ, વિધવા સહાય યોજના, વિદ્યાદીપ યોજના, મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ જેવી અનેક યોજના તથા કાર્યક્મની વિસ્તૃત વાત કરી હતી. તે ઉપરાંત બક્ષીપંચ સમાજના વિદ્યાર્થીઓ માટે અમલી બનાવેલ રાજય સરકારની વિવિધ યોજનાઓ અંગે રસ-દ માહિતી ઉપસથિત સર્વેને આપી હતી. રાજયના ૫૭ તાલુકામાં ડાર્કઝોન કેવી રીતે ઉઠી ગયો તે માટે રાજય સરકારે કરેલા જળસંચયના કામોની લોકોને સહ વિસ્તાર વાત કરી હતી.

મંત્રી શ્રી વાસણભાઈ આહીરે જીંડવા ગામની આંગણવાડી માટે જમીનનું દાન કરનાર ગોંવિદભાઈ પંચાલનું શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું. તેમજ જિલ્લા ખેતી અધિકારી શ્રી કે.કે.પટેલે કૃષિ મહોત્સવ પાછળ સરકારના ઉમદા આશયની અને આ મહોત્સવ થકી જિલ્લામાં ખેતીક્ષેત્રે થયેલ -ગિતની વાત કરી હતી.

આ -સંગે દહેગામના ધારાસભ્ય શ્રી કલ્યાણસિંહ ચૌહાણ, દહેગામ એ.પી.એમ.સીના ચેરમેન શ્રી સુમરભાઈ અમીન, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ.ગાંધી, દહેગામ મામલતદાર શ્રી એસ.એસ. કલાસવા, જીંડવા ગામના સરપંચ શ્રી દિનેશભાઈ ઝાલા સહિત મોટી સંખ્યામાં ગામની મહિલાઓ અને ગ્રામજનો ઉપસથિત રહયાં હતાં.

# સ્વામીનારાયણ મંદિર કરજીસણનો ૩૬મો પાટોત્સવ ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૮

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં સમિનારાયણ મંદિર, કરજીસણના ૩૬મા પાટોત્સવ અંતર્ગત ચાર દિવસીય વ્યસનમુક્તિ સિબિર તેમજ વ્યસનમુક્તિ રેલી ભવ્ય રીતે યોજાઈ હતી.

મુક્તજીવન સ્વામીબાપા પશુ સેવા કેન્દ્ર, ડાંગરવા ખાતે પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજે ખુલ્લુ મુક્યું હતું. પશુ સેવા કેન્દ્રમાં અપંગ, અંધ તેમજ કતલખાનામાંથી મુક્ત થયેલા પશુની નિઃશુલ્ક સેવા કરવામાં આવશે જેનું સૌજન્ય નરેન્દ્રભાઈ પટેલનું છે.

સ્વામિનારાયણ ભગવાન કરજીસણ ખાતે ૩૬ વખત પધાર્યા હતા તેમજ સ્વામિનારાયણ મંદિર, કરજીસણનો ૩૬મો પાટોત્સવ અંતર્ગત પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં મોક્ષદાયી પદયાત્રા યોજાઈ હતી. જે સ્વામિનારાયણ મંદિરેથી પ્રસ્થાન થઈ સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીનું સ્થળ - વાઘરોડા સરોવરે પૂર્ણ થઈ સભાના રૂપમાં ફેરવાઈ હતી.

# સ્ટેજ એ મારા માટે મંદિર છે, જ્યાંથી પૂજા કર્યા વિના હું પાછો ફરતો નથી

**સંબંધ સજાવે જિંદગી**

**બલિહારી ગુરુ આપ કી**

**- સ્વાતિબા રાઓલ**

gsrelation@yahoo.com



નિયતિ ત્રિવેદી, દિવ્યકાન્ત વર્મા, પૂજા કથરેચા, બ્રિજરાજસિંહ ઝાલા, સલીમ મેમણ, અરૂણ રાવલ, રિદ્ધિ પંચાસરા, વિપુલ પ્રજાપતિ, રિયા નિમાવત ઉપરાંત ગાંધીનગર શહેરના રહેવાસી એવા અનેક નાટ્યરસિક અને કલારસિક વ્યક્તિઓનાં નામ.

આ બધાં જ નામ એક જ ગુરુના શિષ્યોનાં નામ છે. અને એ ગુરુ માત્ર આ વિદ્યાર્થીઓના નાટ્ય ગુરુ જ નથી, પરંતુ એમના જીવન ગુરુ પણ છે. ગયા તો હતા સૌ એમની પાસે નાટક શીખવા, પરંતુ નાટક ઉપરાંત આદર્શ, નિષ્ઠા, મૅનેજમેન્ટ, સમૂહજીવન, વાચા, અભિવ્યક્તિ અને આનંદથી જીવન જીવવાની કળા પણ એમને ત્યાંથી શીખવા મળી ગઈ. બસ ત્યારથી એ તેમના જીવન ગુરુ બની ગયા.

નિયતિ કહે છે, 'મારા માટે તો મારા સર લકી છે. નાટકની કે વક્તૃત્ત્વની કોઈપણ સ્પર્ધા હોય કે અગત્યની કોઈ પરીક્ષા, એકવાર સરને યાદ કરવાના ને એમના આશીર્વાદ લેવાના. પછી તો સફળતા ના મળે તો જ નવાઈ. હજુ સુધી એકેય વાર એવું બન્યું નથી કે મેં સ્પર્ધા પહેલાં સરની સાથે વાત કરી હોય અને સ્પર્ધામાં મને ઈનામ ના મળ્યું હોય. મારી જે કોઈ સફળતાઓ છે એનું કારણ મારા સર જ છે.'

ગાંધીનગર શહેરના એ બહુ જૂના નાટ્યકાર પણ નથી અને બહુ નવા નાટ્યરસિક પણ નથી. હા, એ જૂના નાટ્યકારો અને નવા નાટ્યરસિકો બંનેમાં સરખા જ જાણીતા અને પ્રિય છે. જૂના નાટ્યકારો એમને સંકટ સમયની સાંકળ ગણે છે તો નવા નાટ્યરસિકો અને વિદ્યાર્થીઓ એમને ચોવીસ કલાકની તાલીમશાળા ગણે છે. છેલ્લાં ૯ વર્ષમાં જ એમણે ૧૫૦૦ કરતાં વધુ વ્યક્તિઓને પોતાની વિશિષ્ટ ઢબથી નાટ્યની તાલીમ આપી છે, જેમાં બાળકોની સંખ્યા સૌથી વધુ છે. એમના તાલીમાર્થીઓમાં યુવા વર્ગ અને એમનાથી મોટી વયના વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે.

બ્રિજરાજસિંહ ઝાલા જણાવે છે, 'સરની એક વિશેષતા છે કે એ પોતાના વિદ્યાર્થીઓને આગળ કરવામાં બહુ માને છે. કોઈપણ નાટક અથવા પરફોર્મન્સ રજૂ કરવાનું હોય ત્યારે ટીમમાં જે સૌથી નવું સભ્ય હોય એનું નામ સૌથી પહેલું બોલાય અને સરનું સૌથી છેલ્લું. આ કારણે નવા સભ્યને એટલું અભિપ્રેરણ મળે છે કે એ હંમેશા ઉત્સાહથી પ્રવૃત્તિ કરવા પ્રેરાય છે.'

વાત પણ સાચી છે. નગરના આ લોકપ્રિય નાટ્યકારે જો ધાર્યું હોત તો માત્ર પોતાની જ કેરિયર પર ધ્યાન આપીને ઍક્ટીંગના ક્ષેત્રમાં ઘણી સફળતા મેળવી લીધી હોત. પરંતુ, એમણે એમ ન કર્યું. જાણે એમને સફળતાનો મોહ નથી ને નિષ્ફળતાનું કોઈ દુખ નથી. એમનું ધ્યેય તો છે માત્ર નાટકની તાલીમ લોકોને આપ્યા કરવાનું. એના બદલમાં કોઈ એમને ફી આપે તોય ભલે ને ન આપે તોય ભલે. પણ આજની તારીખેય અડધી રાત્રે ફોન કરો ને નાટક માટે કામ છે એમ કહો તો બીજા કોઈ પણ સવાલ કર્યા વિના દોડતો આવે એવો એક જ નાટ્યકાર આ નગરમાં છે.

અનેક શાળા-કૉલેજો અને સામાજિક, સેવાકીય સંસ્થાઓએ એમની નિપુણ સેવાઓ લીધી છે - અદાકાર તરીકે, નાટ્ય નિષ્ણાત તરીકે કે તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે ફૅકલ્ટી તરીકે. જ્યાં એમને બોલાવવામાં આવે ત્યાં એ કોઈપણ પૂર્વગ્રહ કે ભેદભાવ વિના જાય છે.

રિયા નિમાવત જણાવે છે, 'એમની નાટક માટેની ભક્તિ અને મમત કેવી હશે એ તો એમના એક વાક્યમાંથી જ ઉજાગર થાય છે. એ હંમેશા કહે છે કે સ્ટેજ એ મારા માટે મંદિર છે, જ્યાંથી પૂજા કર્યા વિના હું પાછો ફરતો નથી.'

દિવ્યકાન્ત વર્મા જણાવે છે, 'હું સરને મળ્યો એ પહેલાં લગભગ દિશાવિહિન હતો. ગ્રેજ્યુએશન પૂર્ણ કરી લીધું હતું ને કેરિયર કઈ છે એ નક્કી જ નહોતો કરી શક્યો. મિત્રના માધ્યમથી અચાનક એકવાર સરને મળવાનું થયું. એમને નાટક માટે યુવાનની શોધ હતી એ માટે હું ગયો હતો. મને એક સંવાદ વાંચવા માટે આપ્યો ને પછી બહુ સરળતાથી કહ્યું કે ગૂડ. સંવાદ માટે તમારી સમજ સારી છે, બાકી બધું હું શીખવી દઈશ. તમે આજથી અમારી સાથે છો. પણ આગળ વધવા ખૂબ મહેનત કરવી પડશે. કરશો ને ? મેં હા પાડી અને આજે અનુભવું છું કે મારી જિંદગી બદલાઈ ગઈ છે. બે વર્ષના સમયગાળામાં મેં અસંખ્ય ઈવેન્ટ્સ કરી, એક કોરિયોગ્રાફર અને ડાન્સ ટીચર તરીકેની ઓળખ પણ મેળવી અને આજે પચાસેક વિદ્યાર્થીઓ તો મને સર કહીને બોલાવે છે, ત્યારે મારા મનમાં તો મારા સરનો રણકો જ સંભળાયા કરે છે. શું હતો હું અને શું બનાવી દીધો એમણે મને ! રિયલી હી ઈઝ જિનીયસ.'

સલીમ મેમણ સરના વખાણ કરતાં જણાવે છે, 'મારા મતે સર એક મલ્ટીપલ પર્સનાલિટી છે. કોઈ આમ એમને જુએ તો સાવ સામાન્ય માણસ જેવા જ લાગે. પણ નાટક માટેની એમની સમજ, એમની મૅનેજમૅન્ટ સ્કીલ, એમની સ્પીચ અને આપણી અંદર છૂપાયેલા કલાકારને શોધીને બહાર કાઢી લાવવાની આવડત અદ્‌ભૂત છે. સૌની સાથે એ સરળતાથી ભળી જાય છે અને સ્ટેજ પર કંપોઝીશન્સ ઊભી કરવાની એમની કળા ! એ તો માઈન્ડ બ્લોઈંગ છે.'

રિદ્ધિ જણાવે છે, 'તમે કદાચ વિશ્વાસ નહીં કરો, પણ હું મારા સરને ડેડી કહીને બોલાવું છું અને એ પણ મને વ્હાલથી ઢબુ જ કહે છે. એટલા પ્રેમાળ છે એ મારી સાથે કે અમારા સર્કલમાં ઘણા તો મને એમની સગી દીકરી જ ગણે છે. પણ એમને ખબર નથી કે હું માત્ર એમની ડ્રામાની સ્ટુડન્ટ હતી ને હવે એમની દીકરી થઈ છું.'

વિપુલ પ્રજાપતિના શબ્દો, 'આમ તો એ મારા નાટકના ગુરુ, પણ હું એમને ભાઈ કહીને બોલાવું છું ને મારા જીવનમાં મોટા ભાઈની ભૂમિકા પણ એમણે અદા કરી છે. અત્યારે મારા પરિવારનો એક અવિભાજ્ય હિસ્સો છે એ. મારે તો કંઈ કામ ન હોય તોય હું એમને અવારનવાર ફોન કર્યા કરું. ફોન ઉપાડતાં જ 'બોલને બેટા' એ શબ્દો એવા વ્હાલથી બોલે કે જાણે જીવનનો થાક ઉતરી જાય !'

જાણીતા કલાવિદ્ મનોજ શુક્લ જણાવે છે કે, 'આ માણસ અમારા માટે વાંદરીપાનું છે. એને ગમે તે કામ સોંપો, એમાં એની આવડત હોય જ. અને સોંપેલું કામ એ પુરું કરીને જ બતાવે. એટલે જ અમારા સૌને એ લાડકો છે. ઉપરાંત, બાળકોમાં છૂપાયેલી કલા બહાર કાઢવાની એની જે શક્તિ છે એ તો અદ્‌ભૂત છે. બહુ ઓછા લોકો ઉપર સરસ્વતીને આટલી મહેરબાન થતી મેં જોઈ છે, આ ભાઈ એમાંના એક છે. અને હા, સૌને મદદરૂપ થવાની એની ભાવનાને તો સલામ છે !'

આ બધાં જ અવતરણો એમને સંભળાવતાં બહુ નિર્લેપભાવે હસીને એ કહે છે, 'આમાં મારી ક્યાં કોઈ વિશેષતા છે ? આ તો એમની ઉદારતા છે. અને કલા તો દરેક વ્યક્તિમાં હોય જ છે, બસ એનો પરિચય એને આપીને એની અભિવ્યક્તિ કેમ કરવી એ માર્ગદર્શન હું આપું છું. બાકી, શિક્ષક તો બહુ મોટા હોય છે. હું કોઈ શિક્ષક નથી, બસ નાનો એવો નાટકિયો છું.'

'નાટકિયો' હોવાને પોતાનું ગૌરવ ગણતા આ ઊંચેરા માનવીએ પોતાનું નામ અહીં ન લખવાનો આગ્રહ રાખ્યો અને તસવીર પણ માંગી તો આ આપી. કહ્યું, 'મારા માટે મારા વિદ્યાર્થીઓ જ સર્વસ્વ છે. છાપવી હોય તો એમની તસવીર છાપો. એમને પ્રોત્સાહન મળશે.'

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૦૫.૫૮

સૂર્યાસ્ત : ૦૭.૧૭

### તાપમાન

મહત્તમ : ૪૦.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૨૭ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** હાઉસફુલ- ૨ : ૧૦.૦૦

ઈશકઝાદ : ૧.૦૦, ૩.૪૫, ૧૦.૧૫

છોટા ભીમ : ૬.૩૦, ૮.૧૫

જન્નત ૨ : ૮.૦૦

**સ્ક્રીન-૩ :** છોટા ભીમ : ૧૦.૦૦

જન્નત ૨ : ૧૨.૦૦, ૧૦.૧૫

વીકી ડોનર : ૨.૩૦

હાઉસફુલ- ૨ : ૪.૪૫

ઈશકઝાદે : ૭.૪૫

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ડિપાર્ટમેન્ટ : ૧૦.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

છોટા ભીમ : ૧.૧૫, ૫.૪૫

ધ એવેન્જર (હિન્દી) : ૩.૦૦

**સ્ક્રીન-૨ :** ડિપાર્ટમેન્ટ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩ :** જન્નત -૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૦૦

ડિપાર્ટમેન્ટ : ૪.૩૦

ડેનજર્સ ઈશ્ક ૨ડી : ૭.૩૦

**સ્ક્રીન-૪ :** ઈશકઝાદે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સૂર્યા, વાવોલ**

મર મીટેંગે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

સાચુ સુખ ગુજરાતનું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**સામાજિક**

- રાત્રે ૯.૦૦ કલાકે, કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા 'ગ્રીષ્મોત્સ' અન્વયે ઈન્ફોસીટી કલબ રીસોર્ટ ખાતે 'એબિલિટી અન લિમિટેડ'નામક કાર્યક્રમ.

### આપની આજ

**- કિશોર ત્રિવેદી**

**મેષ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. કુટુંબિજનો તરફથી સારું વાતાવરણ અને મનને પ્રસન્નતા પ્રાપ્ત થશે સાથે સાથસહકાર મળી શકશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે.

**વૃષભ** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થઈ શકશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનતી જણાય. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ મળી શકે છે. વેપાર સારો ચાલશે.

**મિથુન** : જ્ઞાન- શિક્ષા, સંશોધન વગેરે પર વિશેષ સમયનો વય થઈ શકે છે. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સન્માન અને ઉપલબ્ધિઓ પ્રાપ્ત થઈ શકે છે.

**કર્ક** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ પ્રાપ્ત થવાનો યોગ છે. ગ્રાહકોથી મધુર સંબંધો જળવાઈ રહેશે.

**સિંહ** : વિશેષ નાણાંકીય વિચાર- વિમર્શન થઈ શકે છે. આર્થિક ક્ષેત્રમાં લાભદાયક કાર્યો થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગદોજ થઈ શકે છે.

**કન્યા** : નાણાંકીય કાર્યોમાં અનુસંધાનનો યોગ બને છે. માંગલિક, ધાર્મિક કાર્યમાં અડચણ સંભવિત છે. બહારી ક્ષેત્રોમાં યાત્રા દરમ્યાન સાવધાની રાખવી.

**તુલા** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકે છે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : વિવાદોથી બચવું આપને માટે હિતાવહ રહેશે. સંતાન પક્ષ, મિત્ર વર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યોમાં સમય પસાર થઈ શકે છએ. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થવાના યોગ.

**ધન** : નવા કાર્યો માટે ભાગદોડ થઈ શકે છે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનું આયોજન થશે. ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ.

**મકર** : ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનું થઈ શકે છે. ભૌતિક સુખ સુવિધામાં વધારો થઈ શકે છે. વિદ્યાર્થીઓનું મન ભણવામાં લાગશે. કૌટુંબિક મતભેદ સમાપ્ત થઈ શકશે.

**કુંભ** : વ્યાપારમાં વધારો થઈ શકે છે. સાહસનો લાભ મળી શકે છે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ મળી રહેશે. સંતાવના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થતી જણાય. કુટુંબિજનો નો સાથ સહકાર મળી રહેશે.

**મીન** : વિશેષ લેવડ -દેવડમાં ધ્યાન રાખવું. ધાર્મિત કાર્યોમાં રુચિ, વૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ધાર્મિક કાર્યો થઈ શકે છે. આર્થિક ક્ષેત્રમાં ગહન શોધ વગેરેનો યોગ બને છે.

### ચિરવિદાય

- સ્વ. માયાબા રાજેન્દ્રસિંહ વાઘેલા (ઉ.વ. ૩૨) પ્લોટ નં. ૮૫૬/૨, સેકટર-૧૩/બી, ગાંધીનગર
- સ્વ. કોદીબેન રામાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૬૦) મુ.પો. ગિયોડ, તા., જિ. ગાંધીનગર